ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-01** **તા:-02-10-2021**

# ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબ દ્વારા ગાંધી જંયતી નીમિત્તે ખાદીની ખરીદી કરવામાં આવી.

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે આજરોજ તારીખ 02 ઓક્ટોબર 2021ના ગાંધી જ્યંતિ ના દિન નિમિત્તે ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલ સાહેબ દ્વારા અમદાવાદ સ્થિત સાબરમતી ગાંધી આશ્રમ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મજંયતી નીમીત્તે શ્રદ્ધા સુમન પાઠવ્યા હતા. ત્યાર બાદ સ્વદેશી ચીજવસ્તુના આગ્રહી ગાંધી બાપુના વિચારોને અપનાવી આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના લોકલ ફોર વોકલના અભિયાનને અનુસરી વેગવંતુ કરવાં સાબરમતી ગાંધીઆશ્રમ સામે આવેલ ખાદી ભંડાર ખાતે ખાદી ના કપડાં ની ખરીદી કરવામાં આવી હતી. તેમજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ડીજીટલ ભારતના સ્વપ્નને પરીપુર્ણ અર્થે આ ખરીદી સંપુર્ણ કેશલેસ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ગુજરાત પ્રદેશના સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પ્રદેશના મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજી, ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી, કેબિનેટ મંત્રીશ્રી પ્રદિપભાઇ પરમાર, રાજયકક્ષાના મંત્રીશ્રી જગદિશભાઇ પંચાલ, અમદાવાદ મહાનગરના મેયરશ્રી કરીટભાઇ પરમાર અને કર્ણાવતી શહેર પ્રમુખશ્રી અમિતભાઇ શાહ, અમદાવાદ ચેરમેનશ્રી હિતેશભાઇ બારોટ, યુવા મોરચાના પ્રમુખશ્રી પ્રશાંતભાઇ કોરાટ તેમજ અમદાવાદ શહેરના કોર્પોરેટરશ્રીઓ ,પદાધિકારીશ્રીઓ અને હોદેદારશ્રીઓ સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મિડિયા કન્વીનર**